# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાજ્યના કારીગરોને ડિજિટલ માર્કેટ સાથે જોડવા ઇ-કૉમર્સ પ્લેટફૉર્મ પર થતા વેચાણના 20 ટકા સુધીની સહાય અપાશે.**
2. રાજ્યના વેપારીઓ પૅકિંગવાળી વસ્તુઓ પર છાપેલી મૂળ કિંમતથી વધુ કિંમત ના લઈ શકે – વિધાનસભામાં મંત્રી રમણ સોલંકીનું નિવેદન.
3. **બનાસકાંઠામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 168-A-ને 450 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ચાર માર્ગીય બનાવવા કેન્દ્ર સરકારની મંજૂરી.**
4. અમદાવાદમાં ગેરકાયદે કૉલ સૅન્ટરથી વિદેશી નાગરિકોને છેતરતા ચાર લોકોની ધરપકડ.
5. **બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી અને કચ્છમાં આજે વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# NARESH PATEL ON BUDGET

રાજ્ય સરકારના આ વખતના અંદાજપત્રમાં કુટિર અને ગ્રામોદ્યોગ માટે 979 રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ગાંધીનગરમાં યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી નરેશ પટેલે આ અંગે કહ્યું, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રૉડક્ટ–ODOPને વેગ આપવા રાજ્યના 90 જેટલા પસંદગીના ઉત્પાદનોને રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવા 25 કરોડ રૂપિયાની ફાળવણીની જોગવાઈ છે. ઉપરાંત કારીગરોને ડિજિટલ માર્કેટ સાથે જોડવા ઇ-કૉમર્સ પ્લેટફૉર્મ પર થતા વેચાણના 20 ટકા વાર્ષિક મહત્તમ 50 હજાર રૂપિયા સુધીની સહાય અપાશે.

(BYTE: NARESH PATEL, KHADI, COTTAGE AND RURAL INDUSTRIES MINISTER)

# AIR INDIA WEST ASIA

એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ આજે પશ્ચિમ એશિયાથી આવતી–જતી કુલ 50 નિર્ધારિત અને અનિશ્ચિત ઉડાનનું સંચાલન કરશે. તેમાં 26 નિર્ધારિત અને 24 જેટલી અનિશ્ચિત ઉડાન હશે. પશ્ચિમ એશિયાના સંઘર્ષના કારણે આ નિર્ણય કરાયો છે.

# RAMAN SOLANKI VIDHANSABHA

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યના એક પ્રશ્નનો જવાબ આપતા ગ્રાહક સુરક્ષા બાબતોના મંત્રી રમણ સોલંકીએ કહ્યું, રાજ્યના વેપારીઓ પૅકિંગવાળી વસ્તુઓ પર છાપેલી મૂળ કિંમતથી વધુ કિંમત ના લઈ શકે. તેમણે ગ્રાહકોને પણ ખરીદી કરતા પહેલાં છાપેલી કિંમતમાં કોઈ છેકછાક હોય તો તેને તપાસીને લેવા અપીલ કરી છે.

કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા 31 ડિસેમ્બર 2025ની સ્થિતિએ ગત એક વર્ષમાં વડોદરા જિલ્લાના 32 એકમ સામે કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે પંચમહાલમાં 17 અને કચ્છમાં નવ એમ કુલ 58 વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ ગૃહમાં ઉમેર્યું હતું.

# BK NATIONAL HIGHWAY

બનાસકાંઠામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 168-એ-ને 450 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ચાર માર્ગીય બનાવાશે. કેન્દ્ર સરકારે આ અંગે આપેલી મંજૂરી અંગે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા સંદેશમાં માહિતી આપી. તેમણે કહ્યું, થાવરથી ઝેરડા સુધીના 22 કિલોમીટરના માર્ગને ચારમાર્ગીય બનાવાશે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ 168 અને રાજ્ય ધોરીમાર્ગ સાત દ્વારા રાજસ્થાનના સિરોહી અને પાલી સુધી ટ્રાફિકને હળવો થશે.

ઉપરાંત ધાનેરામાં 5.5 મીટરના નવા સર્વિસ રોડનું નિર્માણ કરાશે. તેમજ આધુનિક સુવિધાઓ સાથે માર્ગ સુરક્ષામાં વધારો કરાશે તેમ, શ્રી ગડકરીએ ઉમેર્યું.

# BK NAVHATI MELO

શક્તિપીઠ અંબાજી નજીક કોટેશ્વર ખાતે સરસ્વતી કુંડના કિનારે ફાગણ વદ તેરસનો નવહતિ મેળો યોજાયો. પિતૃઓના તર્પણ માટે ભરાતા મેળામાં દાંતા, અમીરગઢ, ખેડબ્રહ્મા, રાજસ્થાન સુધીના આદિવાસી ગરાસિયા સમાજના લોકો આવતા હોય છે. આ અંગે આદિવાસી સમુદાયના અગ્રણી રાવતા પરમારે વધુ માહિતી આપી.

**(BYTE: RAVATA PARMAR, AGRANI, ADIVASI SAMUDAY)**

# AHMEDABAD CYBER CRIME

અમદાવાદ સાયબર ગુનાશાખાએ ન્યૂ ચાંદખેડા વિસ્તારમાં ગેરકાયદે કૉલ સેંન્ટર ચલાવતા ચાર લોકોની ધરપકડ કરી છે. જ્યારે બે મુખ્ય આરોપી ફરાર હોવાનું જણાયું છે. મળતી માહિતી મુજબ, આરોપીઓ વિદેશના નાગરિકોના નામ, સરનામા લઈ તેમની સાથે છેતરપિંડી કરતા હતા. પોલીસે દરોડા દરમિયાન કુલ છ લેપટોપ, પાંચ મૉબાઈલ સહિત એક લાખ 80 હજાર રૂપિયાથી વધુનો સામાન કબજે કર્યો હોવાનું સાયબર ક્રાઈમના ACP હાર્દિક માકડિયાએ જણાવ્યું.

(BYTE: HARDIK MAKADIYA, ACP, CYBER CRIME)

# MUMBAI AMD BULLET TRAIN

રાજ્યમાં મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રેન પરિયોજનાની કામગીરી નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. વલસાડના વાપીમાં પણ હાઈટેક બૂલેટ ટ્રેન-મથક તૈયાર થઈ રહ્યું છે. સુરત અને બિલિમોરા પછી વાપી એક મહત્વનું સ્ટૉપેજ બનશે. વલસાડ સૅક્શનમાં ઇજનેરી ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી છે. તે અંતર્ગત ઉમરગામના ઝરોલી ગામ પાસે પહાડો કાપીને માત્ર 10 મહિનાના ટૂંકાગાળામાં ટનલનું કામ પૂર્ણ કરાયું છે. જ્યારે રાષ્ટ્રીય રાજમાર્ગ 48 પરના મૅજર બ્રિજ અને વાયડક્ટની કામગીરી પણ હવે અંતિમ તબક્કામાં છે.

# GIR SOMNATH KARYAVAHI

ગીરસોમનાથમાં પોલીસે નકલી દૂધ બનાવતું કારખાનું પકડી પાડ્યું છે. અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે, તાલાળા તાલુકાના ગુંદરણ ગામ નજીક પ્રેમનગર નેસ વિસ્તારમાં પોલીસે નકલી દૂધ બનાવતા ગેરકાયદે કારખાના પર દરોડા પાડી ચાર લાખ 68 હજાર રૂપિયાથી વધુનું ત્રણ હજાર 120 લિટર નકલી દૂધ, 260 કિલો પોમોલિન તેલ, દૂધ બનાવવાનો પાઉડર અને દૂધ ભરવાના મોટા કેન સહિતનો સામાન કબજે કર્યો છે. આરોપી આ નકલી દૂધનું સ્થાનિક ડેરીઓમાં વેચાણ માટે મોકલતો હોવાનું તપાસમાં જણાયું છે. ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા પણ દૂધના નમૂના લઈ આગળની તપાસ હાથ ધરાઈ છે.

# DARODA

સુરેન્દ્રનગરમાં મુળી તાલુકાના ખાખરાળા ગામમાંથી  ખનીજ ચોરી પકડાઈ છે. ચોટીલાના નાયબ કલેકટર એચ ટી મકવાણા અને તેમની ટીમે, દરોડા પાડી સફેદ માટી નું ખનન કરતાં વાહન સહિતનો સામાન જપ્ત કર્યો છે. તેમજ ખનન કરનારા લોકો સામે કાર્યવાહી  , હાથ ધરી છે. આ અંગે નાયબ કલેકટરએ વધુ માહિતી આપી .

(બાઈટ : એચ ટી મકવાણા, નાયબ કલેકટર ચોટીલા)

# AMRELI JALSANCHAY

ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ અમરેલીમાં કુંકાવાવ-વડીયા તાલુકાના 45 ગામડામાં એકસાથે જળસંચય અભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી વેકરિયાએ જળ સંરક્ષના કાર્યો આગામી પેઢીઓને સુરક્ષિત બનાવશે અને ખેડૂતોને લાભ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમની અધ્યક્ષતામાં કુંકાવાવના જંગર ગામમાં 100 ટકા વીજળીમુક્ત- સૉલાર ગામ, ગ્રામ્ય મૉડેલ તળાવ લોકાર્પણ અને જળસંમેલન કાર્યક્રમ પણ યોજાયો.

ઉલ્લેખનીય છે કે, જંગર ગામ પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના અને ગામના દાતાઓના સહયોગથી 100 ટકા વીજળીમુક્ત ગામ બન્યું છે.

# WEATHER FORECAST

હવામાન ખાતાએ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી અને કચ્છમાં આજે ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી કરી છે. આજથી આગામી ત્રણ દિવસ અન્ય જિલ્લાઓમાં પણ વરસાદ થવાની સંભાવના હોવાનું અમદાવાદ હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

દરમિયાન ગત 24 કલાકમાં રાજ્યમાં મહત્તમ તાપમાનનો પારો 40 ડિગ્રી સેલ્સિયસની નીચે આવી ગયો છે. સૌથી વધુ 38 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ભુજ, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં નોંધાયું છે.

# ARAVALLI KHETI TAKEDARI

અરવલ્લી જિલ્લામાં વરસાદની આગાહી વચ્ચે ખેતીવાડી કચેરી દ્વારા ખેડૂતોને પાક નુકસાનીથી બચવા તકેદારી રાખવા જણાવાયું છે. આ અંગે ખેતીવાડી અધિકારી પી. બી. પરમારે વધુ માહિતી આપી.

(BYTE: P. B. PARMAR, KHETIVADI ADHIKARI)